# નારેબાજી બહુ થઈ, હવે જોઈએ છે ઝડપી ન્યાય

**સમયસર**

હજુ હૈદરાબાદના હવસખોરોને ઠાર કરાયાના સમાચારોની હાશકારો અનુભવાયો ન અનુભવાયો ત્યાં તો ઉન્નાવકાંડની પીડિતાના મૃત્યુના સમાચારથી સમગ્ર દેશમાં ખળભળાટ સર્જાયો છે. ઠેર ઠેર આક્રોશ ફાટી નીકળ્યો છે. સરઘસો અને રેલીઓના માધ્યમથી મહિલાઓ ઉગ્ર રોષ ઠાલવી રહી છે..! પણ ક્યાં સુધી રેલીઓ અને સરઘસો..? ક્યાં સુધી નિવેદનો અને પ્રતિનિવેદનો...? ક્યાં સુધી ગેંગરેપના સમાચારોથી ઉભરાતા અખબારો આપણે સહન કરવાના છે..?

આજથી સાત વર્ષ પહેલાં નિર્ભયા કાંડે દેશને હચમચાવ્યો હતો. એ વખતે પણ એ સમયે પણ દિલ્હી સહિત સમગ્ર દેશમાં કેન્ડલમાર્ચ યોજાઈ હતી અને રાજકીય પક્ષોએ જોરશોરથી ભાષણો કરી કાયદા સુધારવાના વચનો આપ્યા હતા. આજે સાત-સાત વર્ષના વહાણાં વાયા... નિર્ભયાની માતા ન્યાય માટે ભીખ માંગે છે... ક્યાં છે નિવેદનબાજો, ક્યાં છે ભાષણીયા નેતાઓ, ક્યાં છે સલાહ સૂચન આપનારા સમાજચિંતકો.. ભાજપ હોય કે કોંગ્રેસ, સપા હોય કે બસપા, સીપીઆઈ હોય કે સીપીએમ બધા એક જ માળાના મણકાં છે. કેમ એમની ઈચ્છાશક્તિ જાગતી નથી કાયદો સુધારવાની..? તીન તલાક કે ૩૭૦ની કલમમાં એક ઝાટકે કાયદા સુધારી શકાતા હોય તો ગેંગરેપના આરોપીઓને સાત દિવસમાં સજા આપતો કાયદો કેમ ન કરી શકાય. જ્યાં સુધી કાયદાનો ભય ઉભો નહી થાય ત્યાં સુધી હૈદરાબાદકાંડ કે ઉન્નાવકાંડ સર્જાતા રહેવાના છે અને એટલા જ માટે દેશની નારીશક્તિ આજે લાલઘૂમ છે.

સીતા અને સાવિત્રીની પૂજા કરતી આ સંસ્કૃતિની આ દશા..? લક્ષ્મીબાઈ અને સરોજીની નાયડુ જેવા નારીરત્નોને જન્માવતી આ ભોમકામાં આવી કલંક કથા કાળજુ કંપાવે છે. સંસ્કૃતિની દોહાઈ કરનારા નેતાઓ હવે ગાજવાના બદલે લાજો... રૂપકડાં સૂત્રો આપનારા દિકરીઓને જીવવાના અધિકાર માટે હવે જો કંઈ નહી કરી શકો તો ઈતિહાસ તમને ક્યારેય માફ નહી કરી શકે. ચર્ચાઓ ખૂબ કરી..! આંદોલનો ખૂબ કર્યા..! વચનો ખૂબ આપ્યા..! હવે માત્ર જોઈએ છે નક્કર પરિણામ..! હવે જોઈએ છે ભારતને તેની અસલ સંસ્કૃતિની ઓળખ અને હવે જોઈએ છે વિશ્વાસ અને સલામતીનો માહોલ. જે કાયદા સુધારવા પડે તે સુધારો... જે કાર્યવાહી કરવી પડે તે કરો પણ ક્ષણનાય વિલંબ વિના ગેંગરેપની ઘટનાઓને અટકાવો, અટકાવો અને અટકાવો... સરકારની જવાબદારી તો છે ને છે પણ સમાજની પણ એટલી જ જવાબદારી છે. સમાજે અને સરકારે સાથે મળીને વકરતી સમસ્યાને નાથવાનો સમય આવી ગયો છે.



પ્રાકૃતિક સૌંદર્ય - ગાંધીનગર એવું સદભાગ્ય છે કે, જેને ખોબલે ખોબલે પ્રાકૃતિક સૌંદર્ય માણવા મળે છે... શનિવારની સવારે સર્જાયેલું આ પ્રાકૃતિક સૌંદર્યનું દશ્ય અલૌકિક બની રહ્યું... ધરતી જાણે લીલો પાલવ ઓઢીને ઘુઘવતા વાદળોની રાહ જોતી હોય એવું અનોખું દશ્ય... આકાશમાં વાદળોના ઘેરાવાથી સર્જાયેલા દશ્યો અને ધરતી પર લહેરાતા લીલાછમ્મ વૃક્ષો જાણે વાદળોનું અભિવાદન કરતા એવી અનુભૂતિ સર્જાતી હતી...

# નાણાં સચિવ પદે પંકજ જોશી

ગાંધીનગર, તા.૬

હાલ ગુજરાતના આઈએએસ અધિકારીઓની બઢતી અને બદલીની પ્રક્રિયાઓ ચાલી રહી છે. જ્યારે આજે એસીએસ પંકજ જોશીને રાજ્યના નાણાં વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી બનાવવામાં આવ્યા છે. સાથે સાથે તેમને એનર્જી અને પેટ્રોકેમીકલ્સનો વધારાનો હવાલો ચાલુ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, તેમને એસીએસ અરવિંદ અગ્રવાલને સ્થાને મુકવામાં આવ્યા છે.

ગઈકાલે જ અરવિંદ અગ્રવાલની જીએસએફસીના એમડી અને ચેરમેન તરીકે બદલી કરવામાં આવી હતી. આ પહેલા ગઈકાલે રાજ્યના ૧૯૮૮ અને ૧૯૮૯ની બેચના ચાર આઈએએસ અધિકારીઓને અગ્ર સચિવ પદેથી બઢતી આપી અધિક મુખ્ય સચિવ બનાવવામાં આવ્યા હતા. જે અગ્ર સચિવોને અધિક મુખ્ય સચિવ તરીકે પ્રમોશન આપવામાં આવ્યું છે.

# સે-ઉન્યુમાં વન આરક્ષિત વિસ્તારમાં ઝુંપડાના દબાણોથી સ્થાનિકો ત્રાહીમામ

**ગંદકી સાથે અન્ય દુષણો પણ પાંગરતા હોવાનો આક્રોશ : વનતંત્ર દબાણો દુર કરે તેવી માંગણી**

ગાંધીનગર તા ૭

સે-૩ ન્યુના વિસ્તારમાં દબાણોની સંખ્યા વધી જતા સ્થાનિકો ત્રાહીમામ પોકારી ગયા છે. સે-૩ માં વન આરક્ષિત વિસ્તારમાં ઝુંપડા વસાહત અસ્તિત્વમાં આવી છે. ઝુંપડાઓની સંખ્યા પણ વધુ છે. જેના લીધે સ્થાનિક રહીશો માટે અનેક સમસ્યાઓ ઉદભવી છે. ઝુંપડાના દબાણો વધતા આ વિસ્તારમાં ગંદકી ખદબદી રહી છે. સ્થાનિકો પણ ગળે આવી ગયા છે. આવા સંજોગોમાં વન આરક્ષિત વિસ્તારમાંથી ઝુંપડા દુર કરવા માટે ત્વરિત કામગીરી હાથ ધરાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

સે-૩ ન્યુમાં વન આરક્ષિત જગ્યામાં ઝુંપડાના દબાણોની હારમાળા જોવા મળી રહી છે. ઝુંપડાના દબાણોના લીધે આ વિસ્તારની જાડીઓમાં પણ ઠેર ઠેર ઝુંપડાઆવાસીઓએ ડેરા તંબુ તાંણ્યા છે. શહેરમાં વન આરક્ષિત જગ્યામાં ગંદકી ખદબદતી જોવા મળી રહી છે. સેકટરોના આંતરિક માર્ગો તેમજ મુખ્યમાર્ગો આસપાસ ઝુંપડાના દબાણો વધી રહ્યા છે. સેકટરોમાં એકબાજુ વન આરક્ષિત જગ્યાને દબાણ તેમજ ગંદકી મુક્ત રાખવા માટે ફેન્સીંગ કરવામાં આવી છે. જો કે ઘણાં ઠેકાણે ફેન્સીંગમાં જ ગાબડા પડયા છે. શહેરમાં વન આરક્ષિત વિસ્તારમાં વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની પણ વાવણી કરવામાં આવે છે. જયારે નવા રોપાઓની વાવણીના અંતે હરિયાળીની યોગ્ય જાળવણી કરવા માટે પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે. શહેરના સેકટરોમાં ફુટપાથ તેમજ કોર્મશિયલ વિસ્તારોની આસપાસ પણ લારી ગલ્લાના દબાણોનો અડીંગો જોવા મળી રહ્યો છે. બીજીતરફ શહેરના વન આરક્ષિત વિસ્તાર પણ દબાણોની ચુંગાલમાં જોવા મળી રહ્યા છે. આ દબાણો દુર કરવા માટે અગાઉ સર્વે હાથ ધરવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ હજુ સુધી કાંઈ થઈ શક્યુ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ૧૦૦ થી વધુ ગામોમાં સ્ત્રી જન્મદર પુરૂષની સરખામણીમાં ઓછો

**હરકતમાં આવેલા તંત્રએ ગર્ભ પરીક્ષણ કાયદાની સમજ આપવા તબીબોનો વર્કશોપ કર્યો**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં દિકરીઓના જન્મદરને લઈ તંત્ર સફાળુ જાગ્યુ છે. જિલ્લાના એકસોથી પણ વધુ ગામોમાં દિકરીઓનો જન્મદર પુરૂષની સરખામણીમાં ઓછો જણાયો છે.

શહેરીકરણની વધતી જતી સમસ્યાની સાથે સાથે જિલ્લાની સામાજિક સમરસતાએ તંત્રની ચિંતાનો વિષય બની ઉભરી આવ્યો છે. જિલ્લામાં બેટી બચાવો બેટી પઢાઓ કાર્યક્રમના અમલીકરણની ઉદાસીનતાને લઈ ભારત સરકારના સચિવે પણ પત્ર લખ્યો હતો.

આ પછી હરકતમાં આવેલા તંત્રએ તાકીદે પીસીપી એનડીટી એકટની અમલવારી અંગે તબીબોની એક બેઠક બોલાવી તેની સમજ આપવામાં આવી હતી.

ગાંધીનગર જિલ્લાની સેક્સ રેસિયોની સ્થિતિ અને પીસીપીએનડીટી એક્ટ ૧૯૯૪ની અક્ષરસઃ અમલવારીના અનુસંધાને ગાંધીનગર ખાતે જિલ્લાના તમામ ગાયનેક ડોક્ટરોનો વર્કશોપ આયોજીત કરવામાં આવેલ. જેમાં સમગ્ર જિલ્લામાંથી ખૂબજ મોટી સંખ્યામાં ડોકટર્સ હાજરી આપી વર્કશોપમાં સક્રિય રસ દાખવેલ. કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી ઉદ્‌બોધન કરતાં જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે પોતાના ઉદબોધનમાં જણાવ્યું કે ‘મા ની કૂખેથી અવતરતી કન્યા એ વાલી માટે વેદના નહીં પણ વરદાન છે’ અને આપણી સંસ્કૃતિમાં કન્યા દાન એ મહાન દાન ગણાય છે ત્યારે ભૃણ હત્યા અટકે અને ગર્ભસ્થ શીશુનુ જાતિ પરિક્ષણ પ્રતિબંધિત હોય કાનુની જોગવાઈનો ચૂસ્ત અમલ ડોકટરોએ અવસ્ય કરવો રહ્યો.

વધુમાં જિ.વિ.અ.એ જણાવ્યું કે ‘પ્રત્યેક પુત્રીને એક પિતા હોય પણ પ્રત્યેક પિતાને એક પુત્રી

● અનુસંધાન પાન-૭ પર

# ૨૮૦ ખેડૂતો પાસેથી ૫૩૯૦ ક્વીન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી થઈ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ૨૮૦ ખેડૂતોની ૫૩૯૦ ક્વીન્ટલ મગફળીનું ટેકાના ભાવે સરકાર દ્વારા ખરીદી કરવામાં આવી છે.

૧લી નવેમ્બરથી આ ખરીદી શરૂ કરાઈ હતી પરંતુ આ પછી થયેલા કમોસમી વરસાદને પગલે ખરીદીની પ્રક્રિયા બંધ રખાઈ હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ડાંગરની ખરીદી પણ ટેકાના ભાવે ચાલતી હોવાથી થોડીક

● અનુસંધાન પાન-૭ પર

# સોમવારથી વિધાનસભાનું ટૂંકું સત્ર

**ત્રણ દિવસનું વિધાનસભા સત્ર ૧૧મી ડિસેમ્બર સુધી ચાલશે : ત્રણ દિવસ સુધી ચાલનાર સત્રમાં શોકદર્શક ઉલ્લેખ, સરકારી વિધેયક તેમજ બંધારણ દિવસ ઉજવણી પ્રસ્તાવ સહિતના વિષયો પર ઉંડી ચર્ચા હાથ ધરાશે**

ગાંધીનગર,તા.૭

ગુજરાત વિધાનસભાનું આગામી સત્ર ૯મી ડિસેમ્બરથી શરૂ થનાર છે. વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ આજે આ મુજબની માહિતી આપી હતી. ત્રિદિવસ યોજાનાર આ સત્ર તા.૧૧ ડિસેમ્બર-૨૦૧૯ સુધી ચાલશે. આજે વિધાનસભા ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણી, વિરોધપક્ષના પરેશ ધનાણી સહિત ઉપસ્થિતિમાં કામકાજ સલાહકાર સમિતિની બેઠક યોજાઈ હતી. જેમા ત્રણેય દિવસ યોજાનાર કામગીરીનો એજન્ડા કામકાજ સલાહકાર સમિતિના સભ્યો દ્વારા સર્વાનુમતે યોજવાનો નિર્ણય કરાયો છે. કામકાજ સલાહકાર સમિતિની બેઠક બાદ મીડિયા કર્મીઓને વિગતો આપતાં મંત્રી જાડેજાએ કહ્યું કે, આ ત્રણ દિવસના સત્રમાં પ્રથમ દિવસે શોકદર્શક ઉલ્લેખોનો પ્રસ્તાવ મુખ્યમંત્રી દ્વારા રજૂ કરાશે અને બેઠક પૂર્ણ થશે. ત્યાર બાદ બીજી બેઠક યોજાશે. મંત્રી જાડેજાએ ઉમેર્યું કે, વિધાનસભાના સત્ર દરમિયાન ત્રણેય દિવસ દરમિયાન પ્રશ્નોત્તરીકાળમાં પ્રશ્નો

● અનુસંધાન પાન-૭ પર

Skill India
कौशल भारत - कुशल भारत
CED Since 1979

Green-KSV Skill Development Center

"કડી સર્વ વિશ્વ વિદ્યાલય પ્રમાણિત"

| Course (અભ્યાસક્રમ) | Eligibility(લઘુત્તમ | Duration | Course Fees |
|---|---|---|---|
| Advance CNC/VMC Programmer cum operator [CAD/CAM (UG-NX) Included] | ITI/Diploma/DegreeEngg./Any Graduate | 24 week | 5000/- |

- Short Term Courses are also offered as per Industrial need.
- Job work and consulting services would be available in the area of CNC/VMC programming, CAD/CAM (UG-NX), ANSYS and Vibration analysis
- Well-equipped center with experience faculties
- Curriculum equivalent to NSQF standards

MORE INFORMATION
INQUIRY FORM

NEW BATCH START FROM 01/01/2020

100% Placement assistant would be provided.

વધુ માહિતી માટે સંપર્ક કરો: LDRP-ITR Campus, Sector-15,Gandhinagar M: 8905387357,9998814398 Phone no: 079-23241492/95 Ex:200

તપોવન વિદ્યામંદિર
પરિવાર તરફથી આપ સર્વેને
નવા વર્ષની
હાર્દિક શુભેચ્છાઓ
TAPOVAN VIDHYAMANDIR
Berna Road, Himatnagar. M.97238 92666 | 97238 93666
કે.જી. થી ધો.૧૦ અને ધો.૧૧-૧૨ (સાયન્સ)

તાત્કાલિક જોઈએ છે
પ્રતિષ્ઠિત સંસ્થામાં ગર્લ્સ હોસ્ટેલ માટે ગૃહમાતા
લાયકાત : ગ્રેજ્યુએટ હોવા જોઈએ
ઉંમર : ૩૫-૫૦ વર્ષ ● ૨૪ કલાક રહી શકે તેવા.
આપનો બાયોડેટા નીચેના ઈમેલ આઈડી પર મોકલવા વિનંતી
Email ID : jaydeep@bapugkv.ac.in
vaghjd@gmnail.com
Mo. 98240 8688

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
(શેરથાવાળા)
N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com